ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની
કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ
સાયકલ ભેટ આપવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક:SCW/10/ 2015/608557/G
તા.૨૪/૧૦/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંકપીએમએસ ૧૫૯૮/ન.બા.૧/ગ
તા: ૦૯-03-૧૯૯૯

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક પીએમએસ-૧૦૯૯-ન.બા. ૫-ગ
તા: ૨૦-૬-૨000

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગ, ઠરાવ ક્રમાંક પીએમએસ/ ૧૦૯૮/
સાયકલ/૩૦૯/૨૦૦૪/ગ તા: ૨૫/૦૨/૨૦૦૪

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક અજાક /૧૩૦૭/ન.બા.-૩૫/ગ
તા: ૨૪-૩-૨૦૦૮

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક સશપ/૧૦૨૦૧૦/૨૩૭/અ.૧
તા:૨૬/૦૫/૨૦૧૦

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક સશપ/૧૦૨૦૧૦/૨૩૭/અ.૧
તા:૫/૮/૨૦૧૦

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક અજાક-૧૦૨૦૧૧-૧૧૯-ગ
તા: ૪-૪-૨૦૧૧

(૮) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવક્રમાંક પીએમએસ-૧૦૯૮/સાયકલ-૩૦૯-૨૦૧૧-ગ
તા: ૨૦/૬/૧૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાક: સશપ/૧૦૨૦૧૦/૨૩૭/અ.૧
તા: ૦૭/૦૭/૨૦૧૧

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાક:અજક/૧૦૨૦૧૨/૨૧૧૫૬૩૪-ગ,
તા:૩૦-૦૪-૨૦૧૨

(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાક: એસસીડબલ્યુ-૧૦૨૦૧૨-૧૩૮૦૩૪-ગ
તા.૨૦/૫/૧૩

(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧
તા:૦૭/૦૮/૨૦૧૪

## પ્રસ્તાવના

અનુસૂચિત જાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન હેતુ તથા અન્ય હેતુસર સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ ભેટ આપવાની યોજના ઉક્ત ઠરાવો થી અમલમાં છે. આથી ઉક્ત ઠરાવનં (૧) થી (૧૨) ઠરાવો સંકલિત કરી ૧ સંકલિત ઠરાવ કરવામાં આવે છે.

## સંકલિત ઠરાવ

આ યોજના હેઠળ ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને અંતર મર્યાદા બાધ વિના રહેઠાણના સ્થળથી અન્ય ગામ/શહેર/સ્થળે માધ્યમિક શાળામાં અભ્યાસ કરવા માટે સાયકલ ભેટ આપવાનું ઠરાવવામાં આવે છે.

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓના વાલીની નિયત કરેલ વાર્ષિક આવક મર્યાદા વંચાણ-૧૨ મુજબ ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે ૬૮,૦૦૦/- રહેશે.

હાલ ધો-૯માં અભ્યાસ કરતી કન્યાને અગાઉનાં વર્ષમાં સાયકલ અપાઇ નથી તે અંગેનુ પ્રમાણપત્ર યોગ્ય સત્તાધિકારીએ આપવાનું રહેશે.

શાળાના આચાર્યશ્રીએ આ ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઇને જે તે વર્ષ માટે પાત્રતા ધરાવતી અનુસૂચિત જાતિની ધો-૯માં અભ્યાસ કરતી કન્યાઓની યાદી સહિતની દરખાસ્ત સમયમર્યાદામાં તૈયાર કરીને શહેરી વિસ્તાર માટે સંબધિત જિલ્લાના નાયબ નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) તથા ગ્રામ્ય વિસ્તાર માટે સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ને મોકલી આપવાના રહેશે.

સંબધિત અધિકારીઓએ પાત્રતા ધરાવતી કન્યાઓની યાદી સહિત મળેલ દરખાસ્ત જોગવાઇઓ અંતર્ગત ચકાસીને સંબધિત શાળાના આચાર્યશ્રીને મંજૂરી સહિત પરત કરવાની રહેશે. અને લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

ચોક્કસ લોગો વાળી એક જ રંગની સાયકલ પંસદગી પામેલ સંસ્થા મારફત ખરીદીને લાભાર્થી કન્યાઓને શાળા મારફત વિતરણ કરવાનું રહેશે.

<u>શરતો</u>:-

(૧) આ અંગેનો ખર્ચ જેતે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નિતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક ૯૫-આયોજન-મુખ્ય સદર-૨૨૨૫, અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ૦૧-અનુજાતિનુ કલ્યાણ, ૨૭૭-શિક્ષણ, પેટા મુખ્ય સદર બીસીકે-૬- સરસ્વતી સાધના યોજના હેઠળ કન્યાઓને સાયકલ ભેટ આપવા હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) સચિવાલય, ગાંધીનગર
[illegible]
સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે.સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) નિયામકશ્રી (અજાક)મારફત)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.